# વાપી મહાનગરપાલિકા-વાપી

## વોક ઇન ઇન્ટરવ્યૂ

વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગમાટે ૧૧ માટે તદ્દન હંગામી ધોરણે "સ્વચ્છતા માર્શલ" (Swachhta Marshall)ની જગ્યા માટે લાયકાત ધરાવતા ઇચ્છુક અને લાયક ઉમેદવારોએ વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત હાજર રહેવાનું રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | લાયકાત | સંખ્યા | માસીક પગાર (ફિક્ષ) (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | "સ્વચ્છતા માર્શલ" Swachhta Marshall | સેનેટરી ઈન્સ્પેક્ટરનો કોર્ષ | ૧૩ | રૂા. ૧૬,૦૦૦/- |

શરતો-

૧) મિશન ડાયરેક્ટર, સ્વચ્છ ભારત મિશન (અર્બન), ગુજરાતના પરિપત્ર ક્રમાંક. SBM/૦૧૨૭/૦૯/૨૦૨૬ તા.૨૩/૦૯/૨૦૨૬થી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ અંતર્ગત કચરો ફેંકનાર/નિયમ ભંગ કરનાર સામે વહીવટી ચાર્જ ફટકારવા માટેની ફિલ્ડ કામગીરી કરવાની રહેશે. તથા સદર પરિપત્ર મુજબના જોબચાર્ટ મુજબની કામગીરી કરવાની રહેશે. (જે પરિપત્ર વાપી મહાનગરપાલિકાની વેબસાઇટ https://vapicity.in/ ઉપર જોઈ શકાશે.

૨) ઇચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી,બાયોડેટા તથા તમામ અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણપત્રોની નકલ સાથે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, વાપી, તા-વાપી, જી-વલસાડ ખાતે તમામ ઉમેદવારોએ પોતાના સ્વખર્ચે અને જોખમે હાજર રહેવાનું રહેશે.

૩) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક ઇન્ટરવ્યૂ ધ્વારા કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા વાપી મહાનગરપાલિકાની રહેશે.

૪) સદર હું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે રહેશે. ત્યારબાદ મહાનગરપાલિકાની જરૂરિયાત અને કર્મચારીની કામગીરીને આધીન રિન્યૂ કરવામાં આવશે.

૫) વોક ઇન ઇન્ટરવ્યૂ તા.૦૫/૧૦/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૦૩.૦૦ થી સાંજે ૦૬.૦૦ કલાક સુધીમાં વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, વાપી, તા-વાપી, જી-વલસાડ ખાતે રાખવામા આવેલ છે. જેમાં જરૂરી તમામ ડૉક્યુમેન્ટ સહિત પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૬) ઉપરોક્ત કામે કોઈપણ નિર્ણય કરવાનો હક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

સહી/- નાયબ મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા - વાપી

નં. માહિતી/વલસાડ/૪૨૦/૨૦૨૬

**સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત**
ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની કચેરી,
બોર્ડ નિગમ વિસ્તાર,સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
E-mail:- sbm-urban@gujarat.gov.in

સત્યમેવ જયતે

સ્વચ્છ ભારત — એક પગલું સ્વચ્છતા તરફ

નિર્મળ ગુજરાત 2.0 — સ્વચ્છ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત

પ્રતિ,

**૧. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ મહાનગરપાલિકાઓ**

**૨. પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, તમામ ઝોન**

**૩. મુખ્ય અધિકારીશ્રી, તમામ નગરપાલિકાઓ**

**વિષય:** **સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ અંતર્ગત કચરો ફેંકનાર/નિયમ ભંગ કરનાર સામે વહીવટી ચાર્જ ફટકારવા માટે "સ્વચ્છતા માર્શલ"ની તદન હંગામી ધોરણે ૧૧ માસ માટે નિમણૂક અને કામગીરી બાબત.**

**સંદર્ભ: (૧)** **ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬**

**(૨)** **નામદાર સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નં ૬૧૭૪/૨૦૨૩ના તા.૧૯-૦૨-૨૦૨૬, તા.૨૯-૦૪-૨૦૨૬ અને તા.૦૫-૦૫-૨૦૨૬, તા.૨૫-૦૫-૨૦૨૬ તેમજ તા.૧૮-૦૮-૨૦૨૬ ના આદેશો.**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ- ૨૦૨૬ના અસરકારક અમલીકરણ માટે તથા નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા આપવામાં આવેલા આદેશોના પાલન સારુ, જાહેર સ્થળોએ કચરો ફેંકનાર તથા ઘન કચરા વ્યવસ્થાપન નિયમોનો ભંગ કરનાર વિરુદ્ધ ફિલ્ડ સ્તરે વહીવટી ચાર્જ (Administrative Charge) વસૂલવાની કામગીરી તાત્કાલિક અસરથી શરૂ કરવાની થાય છે.

**આ સંદર્ભે નીચે મુજબની સૂચનાઓ અનુસાર જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે:**

**(અ) સ્વચ્છતા માર્શલની હંગામી નિમણૂક :**

- મહાનગરપાલિકા/નગરપાલિકા દીઠ "સ્વચ્છતા માર્શલ" (Swachhta Marshall)ની તદન હંગામી ધોરણે ૧૧ માસ માટે નિમણૂક કરવાની રહેશે.
- મહાનગરપાલિકાએ તેઓના વોર્ડ દીઠ ૧ તથા દરેક નગરપાલિકાએ ૧ સ્વચ્છતા માર્શલની નિમણૂક કરવાની રહેશે.
- જ્યાં સુધી સ્વચ્છતા માર્શલની નિમણૂક ન થાય ત્યાં સુધી મહાનગરપાલિકા/નગરપાલિકાના હાલના Sanitary Inspectors પાસેથી આ કામગીરી કરાવવાની રહેશે.
- સ્વચ્છતા માર્શલનો માસિક પગાર રૂ!.૧૬૦૦૦/- ચુકવવાનો રહેશે.
- સ્વચ્છતા માર્શલને માસિક પેટ્રોલ એલાઉન્સ પેટે રૂ!. ૧૦૦૦/- ચુકવાના રહેશે.
- સ્વચ્છતા માર્શલને ૨ જોડી યુનીફોર્મ (કાપડ, સીલાઇ, કેપ અને બુટ, બ્રાન્ડીંગ સહિત) પેટે રૂ!. ૭૦૦૦/- ની મર્યાદામાં એકવાર રકમ મળવાપાત્ર થશે.
- સ્વચ્છતા માર્શલ દ્વારા કરેલ તમામ કામગીરીનું દૈનિક રીપોર્ટીંગ SSK પોર્ટલ પર કરવાનું રહેશે.
- સ્વચ્છતા માર્શલની હાજરી સાથેના બીલ પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી તરફથી અભિપ્રાય સાથે અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે અને SBM કચેરી દ્વારા બીલની ચુકવણી જે તે એજન્સીને કરવામાં આવશે.

- મહાનગરપાલિકા ખાતેના સ્વચ્છતા માર્શલનો પગાર સંબંધિત મહાનગરપાલિકા દ્વારા કેપેસીટી બિલ્ડીંગની ગ્રાંટમાંથી કરવાનો રહેશે.

**(બ) તાલીમ અને માહિતગાર કરવા :**

- સ્વચ્છતા માર્શલ તરીકે નિમણૂક કરેલ દરેક વ્યક્તિને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬, નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના આદેશો અંગે માહિતગાર/તાલીમબદ્ધ કરવાના રહેશે. જેથી તેઓ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરતાં નિયમાનુસાર તથા કાનૂની માળખામાં રહીને કામગીરી કરી શકે

**(ક) વહીવટી ચાર્જ વસૂલવાની સત્તા :**

- મહાનગરપાલિકા/નગરપાલિકાઓએ સ્વચ્છતા માર્શલને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લૉઝ અંતર્ગત નિયત કરેલા વહીવટી ચાર્જ મુજબ ફિલ્ડ ઉપર જ વહીવટી ચાર્જ વસૂલવાની સત્તા આપી જરૂરી કાર્યવાહી કરાવવાની રહેશે.
- વસૂલ કરેલ વહીવટી ચાર્જની રસીદ, રેકોર્ડ અને દૈનિક/સાપ્તાહિક રિપોર્ટ યોગ્ય રીતે જાળવવાનો રહેશે. તેમજ દૈનિક ધોરણે વસુલાતની રકમ સબંધિત મ.ન.પા./ન.પા. કચેરી ખાતે જમા કરાવવાની રહેશે.

**(ડ) સ્વચ્છતા માર્શલ દીઠ દૈનિક ચકાસણી લક્ષ્યાંક**

મહાનગરપાલિકા/નગરપાલિકા કક્ષાએ તદન હંગામી ધોરણે સ્વચ્છતા માર્શલની નિમણૂક કરવાની રહેશે. દરેક સ્વચ્છતા માર્શલે તેમના વર્ગીકરણ મુજબ કોમર્શિયલ પ્રોપર્ટી, માર્કેટ, ઈન્સ્ટીટ્યુશનલ પ્રોપર્ટી, વેન્ડિંગ પ્રોપર્ટી તથા GVP (Garbage Vulnerable Points)/CTU (Cleanliness Target Units), BWGs ની દૈનિક ચકાસણી કરવાની રહેશે. દરેક કક્ષા માટે લક્ષ્યાંક નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે:

| મ.ન.પા/ન.પા | દૈનિક ચકાસણી (કોમર્શિયલ/માર્કેટ/ ઈન્સ્ટીટ્યુશનલ/વેન્ડિંગ / હાઇ ફુટફોલ / ટુરીસ્ટ પ્લેસ વિગેરે) | દૈનિક GVP/CTU/BWGs /હાઇ ફુટફોલ / ટુરીસ્ટ પ્લેસ ચકાસણી |
|---|---|---|
| **૮ મહાનગરપાલિકાઓ** | ઓછામાં ઓછી ૧૦૦૦ પ્રોપર્ટી | ઓછામાં ઓછા ૨૫ સ્થળ |
| **૯ નવી રચિત મહાનગરપાલિકાઓ** | ઓછામાં ઓછી ૮૦૦ પ્રોપર્ટી | ઓછામાં ઓછા ૨૫ સ્થળ |
| અ વર્ગ નગરપાલિકા | ઓછામાં ઓછી ૭૫૦ પ્રોપર્ટી | ઓછામાં ઓછા ૨૫ સ્થળ |
| બ વર્ગ નગરપાલિકા | ઓછામાં ઓછી ૭૦૦ પ્રોપર્ટી | ઓછામાં ઓછા ૨૦ સ્થળ |
| ક વર્ગ નગરપાલિકા | ઓછામાં ઓછી ૫૦૦ પ્રોપર્ટી | ઓછામાં ઓછા ૧૫ સ્થળ |
| ડ વર્ગ નગરપાલિકા | ઓછામાં ઓછી ૪૫૦ પ્રોપર્ટી | ઓછામાં ઓછા ૧૦ સ્થળ |

**(ઈ) મોનિટરિંગની વ્યવસ્થા :**

- મહાનગરપાલિકા કક્ષાએ: સ્વચ્છતા માર્શલની કામગીરીનું મોનિટરિંગ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/નોડલ ઓફિસરશ્રીઓએ ચીફ ઓફીસરની સીધી દેખરેખ હેઠળ કરવાનું રહેશે.
- નગરપાલિકા કક્ષાએ: સ્વચ્છતા માર્શલની કામગીરીનું મોનિટરિંગ પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ દ્વારા કરવામાં આવશે.

- મોનિટરિંગ અધિકારીશ્રીઓએ સ્વચ્છતા માર્શલના દૈનિક/સાપ્તાહિક રિપોર્ટ, વસૂલ કરેલ વહીવટી ચાર્જ, ચકાસણી કરેલ પ્રોપર્ટીઓ અને GVP/CTUની સંખ્યાની સમીક્ષા કરીને માસિક રિપોર્ટ તેમના અભિપ્રાયસહ સ્વચ્છ ભારત મિશન (અર્બન)ની કચેરીને મોકલવાનો રહેશે.

ઉક્ત તમામ મુદ્દાઓ આવરી લઈ, આ સાથે નિયત કરેલ જોબ ચાર્ટ મુજબ સ્વચ્છતા માર્શલ પાસેથી કામગીરી હાથ ધરાવવા તેમજ તેનું નિયમિત મોનિટરિંગ કરવા તથા આ સૂચનાઓનું ચુસ્ત પાલન કરી, કરેલ કાર્યવાહીનો નિયમિત અહેવાલ અત્રેની કચેરીને મોકલવા વિનંતી છે.

**(પુષ્પ લતા, IAS)**
**મિશન ડાયરેક્ટર**
**સ્વચ્છ ભારત મિશન (અર્બન), ગુજરાત**

**<u>નકલ સવિનય રવાના:</u>**

૧. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારુ.

૨. સચિવશ્રી, (હા. અને નિ.ગુ.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર – તરફ જાણ સારુ.

૩. કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય – ગાંધીનગર તરફ જાણ

*Signature Not Verified*
*Signed by:Pushp Lata*
*Mission Director*
*Date:2026.09.24*
*17:32:38 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

# સ્વચ્છતા માર્શલનો જોબ ચાર્ટ

| ક્રમ | કામગીરી / જવાબદારી | અપેક્ષિત (Outcome) |
|---|---|---|
| 1 | ULB વિસ્તારમાં દૈનિક પેટ્રોલિંગ કરી સ્વચ્છતાની સ્થિતિનું નિરીક્ષણ કરવું. | શહેરમાં સ્વચ્છતા અને Clean Environment |
| 2 | દુકાનદાર દ્વારા જાહેર જગ્યાએ કચરો ફેંકવો, ગંદકી કરવી, કચરાનું અયોગ્ય સંગ્રહ કરવું વગેરે જણાય તો નિયમ મુજબ વહીવટી ચાર્જ વસુલવાની કાર્યવાહી કરવી. | જાહેર સ્થળે ગંદકીમાં ઘટાડો |
| 3 | શાળા, હોસ્પિટલ, સંસ્થા, કચેરી, બજાર વગેરે સંસ્થાઓ દ્વારા સ્વચ્છતા નિયમોનું ઉલ્લંઘન થાય તો સ્થળની નોંધ કરી નિયમ મુજબ વહીવટી ચાર્જ વસુલવો. | સંસ્થાઓમાં જવાબદારી અને સ્વચ્છતા પાલનમાં વધારો |
| 4 | જાહેર સ્થળે વ્યક્તિ દ્વારા કચરો ફેંકવો અથવા ગંદકી કરતી જણાય તો સ્થાનિક નિયમો મુજબ દંડાત્મક કાર્યવાહી કરવી. | Citizen Behaviour Change |
| 5 | દંડની કાર્યવાહી કરતા પહેલાં/દરમિયાન સ્થળની **ફોટો તથા જરૂરી વિગતો** મેળવવી અને ડિજિટલ રેકોર્ડ જાળવવો. | Transparent & Evidence-based Enforcement |
| 6 | શહેરના મુખ્ય માર્ગો, બજારો, જાહેર સ્થળો, ડમ્પિંગ પોઈન્ટ, નાળા વગેરેની સ્વચ્છતાની **Before/After ફોટોગ્રાફી** કરવી. | Visible Cleanliness Monitoring |
| 7 | વારંવાર ગંદકી કરતા દુકાનદાર/સંસ્થા/સ્થળની ઓળખ કરી ચીફ ઓફીસરને જાણ કરવી. | Repeat Violationમાં ઘટાડો |
| 8 | Door-to-Door Waste Collection, Source Segregation અને જાહેર સ્થળની સ્વચ્છતા અંગે નાગરિકોને સમજાવવું. | 4-Way Segregation અને Waste Managementમાં સુધારો |
| 9 | ભીના, સૂકા, સેનિટરી અને અન્ય કચરાના યોગ્ય વર્ગીકરણ અંગે જનજાગૃતિ કરવી. | Source Segregationમાં વધારો |
| 10 | નિયમિત રીતે વિસ્તારમાં જોવા મળતી સ્વચ્છતા સંબંધિત સમસ્યાઓનો દૈનિક/સાપ્તાહિક રિપોર્ટ તૈયાર કરી ચીફ ઓફીસરને આપવો. | Data-driven SBM-U Monitoring |
| 11 | શહેરના **Visible Cleanliness Indicators**માં સુધારો થાય તે માટે નિયમિત Enforcement અને Awarenessની પ્રવૃતિઓ સતત કરવી. | Clean & Garbage-Free Urban Environment |
| 12 | માસ દરમ્યાન આપવામાં આવેલ દંડની વિગતો પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી તથા સ્વચ્છ ભારત મિશનની કચેરીને મોકલી આપવી. | રીપોર્ટીંગ |
| 13 | જાહેર/સામુદાયિક શૌચાલય (CT/PT) ની સ્વચ્છતા, પાણી-વીજળી સુવિધા અને કાર્યરત સ્થિતિની નિયમિત ચકાસણી કરી સુધારાત્મક કાર્યવાહી માટે ચીફ ઓફિસરને જાણ કરવી. | ODF++ ધોરણોનું જાળવણી |
| 14 | સિંગલ યુઝ પ્લાસ્ટિક (SUP) ના ઉપયોગ/વેચાણ પર નજર રાખવી અને પ્રતિબંધિત પ્લાસ્ટિક જણાય તો નિયમ મુજબ કાર્યવાહી કરવી. | Plastic-Free City |
| 15 | નાળા, તળાવ, નદી કિનારે કચરો નાખવામાં આવે તો તેવા સ્થળો પર કચરો નાં નાખે તે માટે IEC પ્રવૃત્તિ કરવાની રહેશે. | જળ સ્ત્રોતોનું પ્રદૂષણ અટકાવવું |